॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

નખત્રાણા-કચ્છ

● સં. ૨૦૭૮ ● પોષ સુદ-૭ ● તા. ૦૯-૦૧-૨૦૨૨ ● રવિવાર SDP NO: 628 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

યુવાસંઘની સ્વર્ણિમ પાઠશાળા

ABKKP યુવાસંઘની વડતાલ ખાતે સ્થગીત થયેલ સ્વર્ણિમ કાર્યકાળાની આજ તા. ૦૮/૦૧/૨૦૨૨ ના રોજ પ્રમુખ શ્રી હીતેષભાઈ રામજીયાણીના પ્રમુખ સ્થાને પ્રથમ વખત ડીજીટલી ઓનલાઈન કાર્યશાળા યોજવામાં આવી, કોરોના રુપી આફતને અવસરમાં બદલી ઓનલાઈન વક્તાઓ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું .

*** સ્વર્ણીમ કાર્યશાળા ની મુખ્ય હાઈલાઈટ્સ ***

મહામંત્રીશ્રી ભરતભાઈ છાભૈયા દ્વારા સૌનુ સ્વાગત અને પ્રમુખ શ્રી હીતેષભાઈ રામજીયાણી સ્વર્ણીમ કાર્યકાળની પ્રસ્તાવના રજુ કરી શુભ શરુઆત કરવામાં આવી.

પ્રકાશભાઈ માવાણી દ્વારા કાર્યશાળાનો હેતુ સાથે લીડર તરીકે મારી ફરજના પાઠ આપ્યા.

સમાજ નિર્માણમાં યુવાસંઘની ભુમિકા વસંતભાઈ ધોળું દ્વારા શીખવવામાં આવ્યો.

વિઝન ડેવલપમેન્ટ કમિટીના ચંદ્રકાંતભાઈ છાભૈયા દ્વારા અસ્મિતા કેરા આવિષ્કારના માધ્યમથી ચંદ્રકાંતભાઈ છાભૈયા દ્વારા ૫ વર્ષે તૈયાર કરાયેલ આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતી ના ઈતિહાસને ૧૫ મિનિટમાં રજુ કર્યો.

પુર્વ મીશન ચેરમેન અને વર્તમાન શ્રી સમાજના મંત્રી મોહનભાઈ ધોળુએ સંપર્ક યાત્રાથી થતાં ફાયદા સાથે ભારતભરમાં એક દીવસ ટીમમાં એકસાથે સંપર્કયાત્રાની જાણકારી આપી.

કાન્તિભાઈ સાંખલા દ્વારા યુવાસંઘના ત્રિસ્તરીય પ્રેઝન્ટેશન સાથે સરળ ભાષામાં સમજાવ્યું.

ભારતભરના ૨૩ રીજીયનોમાંથી ૩૦૦થી વધુ યુવાનો ડીઝીટલ સ્વર્ણીમ કાર્યશાળામાં જોડાયા.

શ્રી સમાજના પ્રમુખ શ્રી અબજીભાઈ કાનાણી અને મહીલા સંઘના મહામંત્રી રમીલાબેન રવાણીએ આર્શીવચન આપ્યા હતા.

કાર્યશાળાની પ્રથમ સત્રની શરુઆત માં સોસીયલ સ્પીચુરીયલ સમીતીના લીડર અંજુબેન ધોળુના સ્વરે પ્રાર્થનાથી કરવામાં આવેલ.

કાર્યશાળાની પ્રથમ સત્રની આભારવિધી સ્વર્ણીમ ટીમ ૨૦૨૧-૨૩ યુવાસંઘના પ્રવક્તા મુકેશભાઈ કાલરીયાએ કરી હતી.

હવે આવતીકાલે સ્વર્ણિમ કાર્યશાળાનુ બીજુ સત્ર તા.૦૯/૦૧/૨૦૨૨ રવિવાર સવારના ૯ વાગે શરૂ થશે.

સ્વર્ણીમ ટીમ યુવાસંઘ ૨૦૨૧-૨૩ પ્રવક્તા મુકેશ કાલરીયા

YSK સહાય નિધી અર્પણ

સ્વ. લખમશીભાઈ પ્રેમજીભાઈ ભાવાણી ઉ.વ. ૪૨ (સોલાપુર સમાજ) ગત તારીખ ૬/૧૨/૨૧ના રોજ દેવલોક પામેલ તેમને યુવાસંઘ વતી યુવા સુરક્ષા કવચની સહ્યોગનીધી છત્રપતિ શિવાજી રીજીયનના હોદેદારો દ્વારા તેમના પરિવારના અને સમાજના સભ્યોને મળીને શોક સંદેશ તેમજ YSK નો સહોગનિધીનો દ્વિતીય ચેક ૩ લાખ રૂપિયાનો આપવામાં આવેલ . તે વખતે સ્વ. લખમશીભાઈ પ્રેમજીભાઈ ભાવાણીના નાના ભાઈશ્રી શ્રી સુનિલભાઈ પ્રેમજીભાઈ ભાવાણીને ચેક અને શોક સંદેશ પત્રક આપતા સોલાપુર યુવા મંડળના પ્રમુખશ્રી શામજીભાઈ ચૌધરી અને ઉપપ્રમુખશ્રી ગોવિંદભાઈ ભાવાણી અને છત્રપતી શિવાજી રીજીયનના CCM મેમ્બર સેન્ટ્રલ યુવસંઘના સેન્ટ્રલના શિક્ષણ અને પ્રતિભા શોધના PDO શ્રી અમિતભાઈ ચૌધરી અને કન્વીનરશ્રી હરેશભાઈ પોકાર (મહામંત્રીશ્રી , સોલાપુર યુવા મંડળ), યુવા સુરક્ષા કવચના PDO ગિતેશભાઈ દિવાણી અને રાજકીય જાગૃતિના PDO દિનેશભાઈ નાકરાણી , તે વખતે સોલાપુર યુવા મંડળના અને શ્રી છત્રપતિ શિવાજી રિજીયનના લીદરો અને હોદેદારો હાજર હતા

સ્વ.રમેશભાઈ શિવદાસભાઈ ચૌધરી અને સ્વ. નિતીનભાઈ જયંતીભાઈ સાંખલા બીલીમોરા ને ગત રોજ તારીખ-૦૬/૦૧/૨૦૨૨ નાં બન્ને પરીવારનાં ઘરે જઈ શ્રી અખિલ ભારતીય કરછ કડવા પાટીદાર યુવા સંઘ વતી યુવા સુરક્ષા કવચ (YSK) સહયોગનિધિનો બીજો ચેક રૂા.૩,૦૦,૦૦૦/- નો તેમના પરિવારને અર્પણ કરેલ.

આ પ્રસંગે હાજર રહેલ સભ્યો : પરિવાર નાં સભ્યો, સમાજ અને યુવા મંડળનાં કર્ણધારો : પરષોત્તમભાઈ માંકાણી (પ્રમુખ બીલીમોરા સમાજ), ભગવાનભાઈ સાંખલા (મહામંત્રી બીલીમોરા સમાજ), મહેન્દ્રભાઈ સાંખલા(પ્રમુખ બીલીમોરા યુવક મંડળ), મુકેશભાઈ પોકાર(મહામંત્રી બીલીમોરા યુવક મંડળ), જયંતીભાઈ ભાવાણી (ખજાનચી બીલીમોરા યુવક મંડળ), કિરીટભાઈ સાંખલા(સહ ખજાનચી બીલીમોરા યુવક મંડળ), DGR નાં કર્ણધારો : વિનોદભાઈ રામાણી(DGR IPC), પ્રકાશભાઈ રૂડાણી (દમણગંગા વિભાગીય પ્રમુખ), મનોજભાઈ રંગાણી (DGR-PRO), રાજેષભાઈ પોકાર(DGR સહમંત્રી અને ઉપપ્રમુખ બીલીમોરા યુવક મંડળ)

ઉપરોક્ત તમામ સભ્યોની હાજરીમાં દિવંગત સભ્યોનાં પરિવારજનોને સહયોગનીધિ નો ચેક અર્પણ કરવામાં આવ્યા.

દક્ષિણ કર્ણાટક રીજીયનમા આવતી દાવનગિરિ સમાજના YSK ના સભ્ય એવા સ્વ.લક્ષ્મીકાંત શંકરલાલ ગોરાણી કચ્છમાં ઉગેડીના તેમને સહાય નીધીનો દ્વિતીય ચેક તેમના માતુશ્રી વિજયાબેન તથા મોટાભાઈને આપવામાં આવ્યો હતો. સહાય તથા આશ્વાસન આપવા દાવનગિરિ સમાજના પ્રમુખ મહામંત્રી ખજાનચી યુવા મંડળના પ્રમુખ તથા ઉપપ્રમુખ તથા YSK કન્વીનર નિતીન છાભૈયા હાજર રહ્યા હતા.

દાવનગિરિ સમાજના પ્રમુખ એવાં ડો. રમેશભાઈ લિંબાણી જેઓ સમાજની અંદર લગભગ દરેક યુવાનોને YSK થી સુરક્ષિત કરવામાં સાચી સમજણ તથા પ્રોત્સાહન પણ આપેલ. અને લગભગ બધા યુવાનો YSK મા જોડાયા છે. અને હાલમાં દક્ષિણ કર્ણાટક રીજીયનતના YSKના કન્વીનર નિતીન ચંદુલાલ છાભૈયા પણ દાવનગિરિ સમાજના સભ્ય છે. સમાજનું યુવા મંડળ પણ સક્રિય છે. એજયુકેશન બાબતે આ સમાજ હમેશાં અગ્રેસર રહી છે. દક્ષિણ કર્ણાટક સમાજના પ્રથમ પ્રમુખ એવાં સ્વ.પ્રેમજીભાઈ લિંબાણી પણ આ દાવનગિરિ સમાજના સભ્ય હતા. આ રીતે આ સમાજના હાલના પ્રમુખ ડો. રમેશભાઈ લિંબાણી પણ દક્ષિણ કર્ણાટક સમાજ ના પ્રમુખ રહી ચૂક્યા છે.

સંયોજક વસંતભાઈ ગોરાણી ઉડપી

સાબર રિજીયન - દહેગામ ડિવિઝન

સ્વ. ભરતભાઈ મહેન્દ્રભાઈ છાભૈયા તથા તેમના પત્ની સ્વ. સાવિત્રીબેન ભરતભાઈ છાભૈયા, રસિકભાઈ જાદવભાઈ માવાણી અને અરુણભાઈ શાંતિભાઈ દિવાણી દહેગામને તારીખ-૦૭/૦૧/૨૦૨૨ નાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ વતી યુવા સુરક્ષા કવચ (YSK) સહયોગ નિધિનો બીજો ચેક રૂ. ૩,૦૦,૦૦૦/- નો તેમના પરિવારને આપવા માં આવ્યો હતો.

આ પ્રસંગે હાજર રહેલ સભ્યો:
પરિવારના સભ્યો, સમાજ અને યુવા મંડળનાં કર્ણધારો યુવાસંઘ, રવજીભાઈ રામજીયાણી પ્રમુખશ્રી સનાતન સમાજ દહેગામ વિભાગ, અરવિંદ ગોવિંદભાઈ નાકરાણી મંત્રી, સનાતન સમાજ દહેગામ વિભાગ, રાજુભાઈ કે નાકરાણી ખજાનચી, સનાતન સમાજ દહેગામ વિભાગ, નિલેષ ભાવાણી સેન્ટરલ કાઉન્સિલ પી.ડી.ઓ, અતુલ દિવાણી સહ ખજાનચી સાબર રીજીયન, પ્રવિણ નાકરાણી IPP સનાતન સમાજ યુવા પાંખ, નરેન્દ્ર દિવાણી પ્રમુખ સનાતન સમાજ યુવાપાંખ, વિજય પી રૂડાણી મંત્રી સનાતન સમાજ યુવાપાંખ

દહેગામ ડિવીઝન પી.આર.ઓ. દિશાંક છાભૈયા

સમૂહલગ્નનાં યુગલો માટે મનાલી પ્રવાસનું આયોજન

સુરત : પી.પી.સવાણી ગ્રુપ દ્વારા 4 અને 5 ડિસેમ્બરે 'ચૂંદડી મહિયરની' સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 300 યુગલોએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. જે અંતર્ગત યુગલોના પ્રથમ ગ્રુપને મનાલી પ્રવાસે રવાના કરવામાં આવ્યા હતા. તમામ યુગલોને મિતુલ ફાર્મ, પ્રાણી સંગ્રહાલયની પાછળ એક સાથે એકત્ર કરી મહેશભાઈ સવાણી દ્વારા પ્રવાસનું રિઝલ્ટ તેમજ આયોજનની સમજૂતી આપવામાં આવી હતી. ત્યારબાદ તમામને બપોરે 3.30 વાગ્યે 12 દિવસના મનાલી પ્રવાસ જવા માટે રવાના કરવામાં આવ્યા હતા.

નખત્રાણામાં કોરોના માટે સંયુક્ત ડ્રાઈવ

કોરોના ગાઈડ લાઈનનું પાલન કરાવવા નખત્રાણા પોલીસ તંત્ર તેમજ રેવન્યુ વિભાગ સજ્જ થઈ રહયું છે. નખત્રાણા નગરની બજાર જાહેર માર્ગ પર પ્રાંત અધિકારી મેહુલ બારાસરા, મામલતદાર ભરતકુમાર દરજી, નાયબ પોલિસ અધિકારી વી.એન.યાદવ સહિતનાઓએ કોરોના ગાઈડ લાઈનની કડક અમલવારી કરવા સહુને જાગૃત કર્યા. પ્રાંત અધિકારી અને Dyspની આગેવાનીમાં નખત્રાણા મધ્યે આજે ડ્રાઈવ કરી માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ મોલધારકો, દુકાનદારો, ફેરિયાઓ, વાહન ચાલકો પોતે પણ કોરોના ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરે અને પાલન કરાવે તે જરૂરી છે તેવી અધિકારિયો એ અપીલ કરી હતી.અને સાવચેત પણ કરવામાં આવેલ.

ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

- ઉત્તર પ્રદેશમાં તા.૧૦ ફેબ્રુઆરીથી ૭ તબક્કામાં મતદાન
- પંજાબમાં તા.૧૪ ફેબ્રુઆરીએ એક તબક્કામાં મતદાન
- ઉત્તરાખંડમાં તા.૧૪ ફેબ્રુઆરીએ એક તબક્કામાં મતદાન
- ગોવામાં તા.૧૪ ફેબ્રુઆરીએ એક તબક્કામાં મતદાન
- મણિપુરમાં તા.૨૭ ફેબ્રુઆરીથી ત્રણ તબક્કામાં મતદાન

પાંચેય રાજ્યોમાં તા.૧૦ માર્ચના રોજ પરિણામ

મહારાષ્ટ્રમાં હવેથી નવા પ્રતિબંધો

મહારાષ્ટ્ર સરકારે નવા પ્રતિબંધોની જાહેરાત કરી. હવે આ સમયગાળા દરમિયાન બધું જ બંધ. જાણો નવા નિયમો.

કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. નવી ગાઈડલાઈન મુજબ રાજ્યમાં આકરા પ્રતિબંધો લાદવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

૧. સવારે ૫:૦૦ થી રાત્રે ૧૧ વાગ્યા દરમિયાન પાંચથી વધુ વ્યક્તિઓને એકઠા થવા પર મનાઈ.

૨. રાત્રે ૧૧ થી સવારે ૦૫ સુધી માત્ર અતિ આવશ્યક સુવિધાઓ જ ચાલુ રહી શકશે. એટલે કે આ સમયગાળા દરમિયાન કોઈપણ બહાર નહીં નીકળી શકે. તેમજ માત્ર ઈમર્જન્સી સુવિધાઓ જ કાર્યરત રહી શકશે.

૩. સ્વિમિંગ પૂલ, સ્પા, બ્યુટી સલૂન તેમજ જિમ્નેશિયમ સંપૂર્ણ રીતે બંધ.

૪. સિનેમા અને શોપિંગ કોમ્પલેક્ષ તેમજ રેસ્ટોરન્ટ માત્ર ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલી શકશે તેમજ રાત્રે ૧૦:૦૦ થી સવારે ૮:૦૦ સુધી બંધ રહેશે.

૫. સાર્વજનિક વાહન વ્યવહાર માત્ર બે વેક્સીન લીધેલાઓ માટે જ ઉપલબ્ધ રહેશે.

૬. તમામ શાળા અને કોલેજો ૧૫ ફેબ્રુઆરી સુધી બંધ.

૭. લગ્નમાં માત્ર ૫૦ માણસ ની હાજરી

૮. અંતિમ સંસ્કારમાં માત્ર ૨૦ માણસ ની હાજરી.

૯. સાર્વજનિક કાર્યક્રમોમાં માત્ર ૫૦ લોકોની હાજરી.

૧૦. પ્રાઈવેટ ઓફિસમાં માત્ર ૫૦ ટકા હાજરીની ભલામણ કરવામાં આવી છે તેમજ કર્મચારીઓ પૂરી રીતે વેક્સિન લીધેલા છે કે નહીં તેની ચકાસણી કરવાની સલાહ આપવામાં આવી છે.